# THE GP PATIENT SURVEY

**જાન્યુઆરી ૨૦૧૨**

**સ્થાનિક જીપી અને ડેન્ટલ સેવાઓને રચવા માટેની તમારી તક**

સ્થાનિક હેલ્થકેર અને સેવાઓને સુધારવાની મદદ માટે પ્રતિસાદ મેળવવા હું તમને લખી રહ્યો છું. આ સાથે જોડેલ સર્વેક્ષણ તમારી સ્થાનિક જીપી શસ્ત્રક્રિયા અને અન્ય સ્થાનિક એનએચએસ સેવાઓના તમારા અનુભવ વિશે પુછશે, અને તેમાં તમારા સામાન્ય સ્વાસ્થ્ય વિશેના પ્રશ્નોનો સમાવેશ થયેલ છે.

**આ સર્વેક્ષણમાં ભાગ લેવા માટે કૃપયા આ સાથે જોડેલ પ્રશ્નાવલિનેભરો** અને આપેલાં પરબીડિયાંમાં તેને પરત કરો. તમારે ટિકિટ ચોંટાડવાની જરૂર નથી. તમે આ પ્રશ્નાવલિ પૂર્ણ કરી અને **શક્ય એટલી જલ્દી પરત મોકલીને** મદદ કરી વળતર આપી શકો છો જેથી કરીને જો લોકો આ પ્રારંભિક પત્રનો જવાબ ન આપે તો તેને અમે યાદ અપાવીશું.

જો તમે આ પ્રશ્નાવલિ પહેલાં ભરેલી હોય, કે તાજેતરમાં તમે તમારા જીપી સર્જરીની મુલાકાત ન લીધી હોય, તેમ છતાં તમારા અભિપ્રાયો અમારા માટે મહ્ત્વના છે.

**તમારા જવાબો સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે** ફક્ત નામ વગર બધા પરિણામો એનએચએસને મોકલવામાં આવશે અને તેઓ કોઇ પણ વ્યક્તિગત દરદીના અભિપ્રાયો કે માહિતી જોઇશે નહીં.

આગળના પાનાં પર સર્વેક્ષણ વિશેની વધારે માહિતી છે. જો તમને વધારે પ્રશ્નો હોય કે પ્રશ્નાવલિ ભરવા માટે મદદની જરૂર હોય તો, કૃપયા **www.gp-patient.co.uk** ની મુલાકાત લો જ્યાં તમે સર્વેક્ષણ ઓનલાઇન પણ ભરી શકશો, કે ફ્રી-ફોન **0808 238 5386** પર ઇપ્સોસ મોરીને ફોન કરો (સોમવાર થી શુક્રવાર, સવારે ૯ થી રાત્રે ૯; શનિવાર સવારે ૧૦ થી સાંજે ૫).

તમારો સમય આપ્યો એ બદલ તમારો આભાર

તમારો સંનિષ્ઠ

**Richard Armstrong**
***Head of Primary Medical Care***
***Department of Health***

# કેટલાંક પ્રશ્નો અને જવાબો

### શા માટે અમે આ સર્વેક્ષણ કરી રહ્યા છીએ?

જીપી શસ્ત્રક્રિયા અને એનએચએસ ડેન્ટલ સેવાઓ એક્સેસ કરવાના દરદીઓના અનુભવને સુધારવા માટે એનએચએસ કામ કરી રહી છે. ધી જીપી દરદી સર્વેક્ષણ આ પ્રભાવને માપશે કે કઈ રીતે સેવાઓ પૂરી પાડવી જેથી તે તમારી જરૂરિયાતોને સારી રીતે સંતોષે.

### તમે મારું વ્યક્તિગત પરિણામ જોઇ શકવા સક્ષમ હશો?

અમે તમારા વ્યક્તિગત જવાબો નહી જોઇએ – ફક્ત નામ વગરના એકત્રિત કરાયેલાં પરિણામો એનએચએસને આપવામાં આવશે. જો તમે વ્યક્તિગત પ્રશ્નોનાં જવાબ આપવા માંગતા ન હોવ તો કૃપયા તેને કોરા છોડી દો અને બાકીની પ્રશ્નાવલિ પૂર્ણ કરો. પ્રશ્નાવલિ પૂર્ણ કરવી એ સ્વૈચ્છિક છે પરંતુ અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો.

### અમે તમારું નામ અને સરનામું કેવી રીતે મેળવ્યું?

ઇપ્સોસ મોરી તમને આ પ્રશ્નાવલિ સ્વાસ્થ્ય વિભાગ તરફથી મોકલી રહ્યા છે. તમારું નામ એનએચએસના જીપી સાથે નોંધાયેલાં દરદીની યાદીમાંથી રેન્ડમલી પસંદ કરવામાં આવ્યું છે. ઇપ્સોસ મોરી તમારી સંપર્કની વિગતો ખાનગી રાખશે અને તેનો ઉપયોગ ફક્ત તમને આ પ્રશ્નાવલિ મોકલવા માટે જ કરશે. એકવાર સર્વેક્ષણ પૂર્ણ થઇ જાય, એટલે ઇપ્સોસ મોરી તમારી અંગત સંપર્કની વિગતોનો નાશ કરી નાંખશે. ઇપ્સોસ મોરીને તમારા સ્વાસ્થ્ય વિશેની કોઇપણ માહિતી આપવામાં આવી નથી.

## જો તમને આ પ્રશ્નાવલિ ભરવામાં કોઇ સવાલ હોય કે બ્રેઇલ અથવા મોટી પ્રિન્ટ માટે વિનંતી કરવી હોય તો ફ્રી-ફોન 0808 238 5386 પર ફોન કરો અથવા www.gp-patient.co.uk વેબસાઇટની મુલાકાત લો